## બનાસકાંઠા જિલ્લામાં ગૌચરની જમીનમાં દબાણ

***15/4/540** શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી(દાંતા): **માનનીય મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કેઃ–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ બનાસકાંઠા જીલ્લામાં તાલુકાવાર ગૌચરની કેટલી જમીન આવેલ છે,

(૧) તા.૩૧/૧૨/૨૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં નીચેની વિગતે તાલુકાવાર ગૌચરની જમીન આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ગૌચર જમીનનું ક્ષેત્રફળ (હે. આરે. ચો. મી.) |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૧૬૯૦.૯૩.૭૪ |
| ૨ | વડગામ | ૧૪૮૧.૫૬.૬૪ |
| ૩ | ડીસા | ૪૩૬૬.૮૨.૧૩ |
| ૪ | થરાદ | ૭૧૦૦.૨૭.૨૨ |
| ૫ | કાંકરેજ | ૨૯૬૪.૦૨.૭૦ |
| ૬ | અમીરગઢ | ૨૦૩૯.૬૨.૧૬ |
| ૭ | દાંતા | ૧૬૮૭.૭૪.૧૯ |
| ૮ | ધાનેરા | ૪૦૬૦.૦૦.૯૭ |
| ૯ | વાવ | ૩૧૮૭.૮૩.૩૯ |
| ૧૦ | સુઈગામ | ૧૮૪૦.૪૨.૬૬ |
| ૧૧ | ભાભર | ૧૯૨૨.૪૯.૬૩ |
| ૧૨ | દિયોદર | ૩૬૯૦.૮૯.૮૬ |
| ૧૩ | દાંતીવાડા | ૧૦૦૫.૪૬.૩૩ |
| ૧૪ | લાખણી | ૩૬૭૭.૮૫.૩૬ |
| કુલ | | ૪૦૭૧૫.૯૬.૯૮ |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ ઉક્ત ગૌચરની જમીન પર કેટલુ દબાણ થયેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત ગૌચરની જમીન પર નીચેની વિગતે દબાણ થયેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | દબાણ થયેલ ગૌચર જમીનનું ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી) |
|---|---|---|
| ૧ | થરાદ | ૨૦.૦૦.૦૦ |
| ૨ | કાંકરેજ | ૧૦૪.૭૪.૨૦ |
| ૩ | દિયોદર | ૪.૪૩.૬૯ |
| ૪ | ડીસા | ૦.૫૫.૦૦ |
| ૫ | પાલનપુર | ગૌચર દબાણ બાબતે પ્રશ્ન નથી. |
| ૬ | વડગામ | ગૌચર દબાણ બાબતે પ્રશ્ન નથી. |
| ૭ | દાંતા | ગૌચર દબાણ બાબતે પ્રશ્ન નથી. |
| ૮ | અમીરગઢ | ગૌચર દબાણ બાબતે પ્રશ્ન નથી. |
| ૯ | ધાનેરા | ગૌચર દબાણ બાબતે પ્રશ્ન નથી. |
| ૧૦ | ભાભર | ગૌચર દબાણ બાબતે પ્રશ્ન નથી. |
| ૧૧ | સુઈગામ | ગૌચર દબાણ બાબતે પ્રશ્ન નથી. |
| ૧૨ | દાંતીવાડા | ગૌચર દબાણ બાબતે પ્રશ્ન નથી. |
| ૧૩ | લાખણી | ગૌચર દબાણ બાબતે પ્રશ્ન નથી. |
| ૧૪ | વાવ | ગૌચર દબાણ બાબતે પ્રશ્ન નથી. |
| કુલ | | ૧૨૯.૭૨.૮૯ |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દબાણો દૂર કરવા સરકારે શી કાર્યવાહી હાથ ધરેલ છે?

(૩) થરાદ તાલુકાના દબાણ સબંધે નામ. ગુજરાત હાઈકોર્ટમાં એસ. સી. એ. નં. ૧૨૯૮૩/૧૮ અને ૧૩૦૪૮/૧૮ થી કેસ પેન્ડીંગ હોવાથી ઉક્ત દબાણો દુર કરવાના બાકી છે.

કાંકરેજ તાલુકાના દબાણ સબંધે લેન્ડ ગ્રેબિંગ એકટ અંતર્ગત સુઓમોટોની દરખાસ્ત કરવામાં આવેલ છે.

દિયોદર તાલુકાના મોજે જાલોઢા ગામે થયેલ દબાણ સબંધે તા.૦૩/૦૨/૨૦૨૩થી વિવાદ અરજી નં.૫૩/૨૦૨૨થી મે. સચિવ અપીલ સમિતિ અને નાયબ જિલ્લા વિકાસ અધિકારી(પંચાયત) જી.બનાસકાંઠા દ્વારા મનાઇ હુકમ આપેલ છે.

મોજે ધનકવાડા ગામે ડી. આઈ. એલ. આર. શ્રી, પાલનપુરની કચેરી દ્વારા હદનિશાન નક્કી કરવાની કાર્યવાહી ચાલુ છે.

ડીસા તાલુકાના દબાણ સબંધે સીવીલ કોર્ટ ડીસામાં RCS/103/2021 કોર્ટ કેસ પડતર છે.